પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ અને સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ ની જગ્યાની સીધી ભરતીમાં વિકલાંગો વ્યક્તિઓ માટે નિમણૂંકમાં યોગ્યતા /અનામત નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૧૪/૧૩૬૧/બ,

સચિવાલય , ગાંધીનગર

તા.૧૧/૬/૨૦૧૪

વંચાણમાં લીધા:

૧. સામાજિક અને ન્યાય અધિકારિતા વિભાગના પત્ર ક્રમાંક: અપગ/૧૦/૨૦૧૩/૬૫૧૨૦૩/રો.૧ તા ૨૧/૧૧/૨૦૧૩ ના પત્ર સાથેની પેટા તજજ્ઞ સમિતિની તા. ૨૨/૧૦/૨૦૧૩ ની બેઠકની કાર્યવાહી નોંધ

## ઠરાવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ ના નિયંત્રણ હેઠળના કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી હસ્તકની જિલ્લાની ક્ષેત્રિય મહેકમ ઉપરની પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ અને સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ને જગ્યાઓમાં ભરતીના નિયમોમાં સીધી ભરતીથી જગ્યાઓ ભરવાની જોગવાઈ છે. આ જગ્યાઓ ઉપર વિકલાંગ ધારા, ૧૯૯૫ ની જોગવાઈ અનુસાર ૩ (ત્રણ) ટકા જગ્યાઓ વિકલાંગતા ધરાવતા ઉમેદવારોથી ભરવાની થાય છે. સદર જગ્યા ઉપર નિમણૂંક પામતા અધિકારી / કર્મચારીએ બજાવવાની ફરજો અને કામગીરીને ધ્યાને લઈ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી. સદર દરખાસ્ત અન્વયે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અગ્ર સચિવશ્રીના અધ્યક્ષ પદે તા. ૨૨/૧૦/૧૩ના રોજ પેટા તજજ્ઞ સમિતિની બેઠકમાં પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ અને સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ માટે આ જગ્યાઓની ફરજો અને જવાબદારીઓને ધ્યાને લઈ કેવા પ્રકારની વિકલાંગતા ધરાવતા ઉમેદવાર આવી શકે તે માટે નિર્ણય કરવામાં આવેલ છે. સદર પેટા તજજ્ઞ સમિતિ દ્વારા કરવામાં આવેલ નિર્ણય મુજબ મહિલા અને બાળ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળના કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી હસ્તકની જિલ્લાની ક્ષેત્રિય મહેકમ ઉપરની નીચે જણાવેલ જગ્યા સામે

જણાવેલ ખામી ધરાવતા ઉમેદવારોને તે જગ્યા ઉપર નિમણૂંક માટે યોગ્ય હોવાનું ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | નિમણૂંક માટે યોગ્યતા |
|---|---|
| પ્રોગ્રામ અધિકારી વર્ગ-૧ અને સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ | OA,OL,OAL,LV - અને HH Moderate કક્ષા ચાલી શકે. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અંજના ક્રિશ્ચિયન)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સંયુક્ત સચિવશ્રી, (ક,ગ) , સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,બહુમાળી ભવન,સી-બ્લોક,પહેલો માળ,લાલદરવાજા,અમદાવાદ (પત્ર દ્વારા)

(૪) સચિવશ્રી,વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, બ્લોક-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) નિયામકશ્રી(આઈસીડીએસ)કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, બ્લોક-૨૦, ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૬) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ

(૭) સિલેક્ટ ફાઈલ